# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૨/૧૦/૨૦૧૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં 'જીએસટી' વિશે સેમિનાર યોજાયો

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવારે, તા. ૧૨ ઓકટોબર ૨૦૧૯ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'જીએસટી' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે શ્રી જિગર શાહ (પાર્ટનર – લક્ષ્મીકુમારન એન્ડ શ્રીધરન) અને ડો. શૈલેન્દ્ર સકસેના (જે.એલ.એન.યુ.એસ. એન્ડ કંપની)એ જીએસટી કાયદાના હાલમાં જ બહાર પડેલા નવા નોટીફિકેશન અને સકર્યુલેશન વિશે માહિતી આપી મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના રિપ્રેઝન્ટેશન સેલના હેડ શ્રી હેમંત દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્દ્બોધનમાં જણાવ્યુ હતુ કે, જીએસટી કાયદાના સકર્યુલર ખૂબ જ મહત્વના હોય છે. આ સકર્યુલરોની ચર્ચા કરવા માટે અને તેને વ્યવસ્થિત સમજવા માટેનો આ સાચો સમય હોવાથી આજના સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નિષ્ણાંત વકતાશ્રીઓ આપણને યોગ્ય માર્ગદર્શન આપશે.

વકતા શ્રી જિગર શાહે પોતાના વકતવ્યમાં જીએસટી કાયદામાં હાલમાં થયેલા બદલાવ વિશે માહિતી આપી હતી. તેમણે વિવિધ નોટીફિકેશન અને સકર્યુલર અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ઇન્વેસ્ટીગેશન દરમિયાન સર્ચ, સિઝર અને ધરપકડ અંગેની કાયદાકીય જોગવાઇ વિશે તેમણે ચર્ચા કરી હતી. હાઇકોર્ટના તથા સુપ્રિમ કોર્ટના વિવિધ ચૂકાદાઓને ટાંકીને સર્ચ અને ધરપકડ અંગેની માહિતી પુરી પાડી હતી. આ ઉપરાંત ઇ વે બીલ બાબતે કયા સમયે પેનલ્ટી લાગી શકે અને કયા સંજોગોમાં પેનલ્ટી નહી લાગે તેની માહિતી આપી હતી. હાલમાં ૨૦ ટકાથી ઉપર મિસમેચ હોય તો ઇનપુટ ટેક્ષ ક્રેડીટ મળી શકે કે નહી તે અંગે પણ સમજણ આપી હતી.

ઇન્વેસ્ટીગેશન દરમિયાન વેરાની સલામતિના કારણો આગળ ધરીને વિભાગ દ્વારા બેંક ખાતુ એટેચ કરવાના તથા મિલકતો એટેચ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે તે અંગે ગુજરાત હાઇકોર્ટના ચૂકાદાનો સંદર્ભ ટાંકીને કાયદાની સાચી પરિસ્થિતિનો ખ્યાલ તેમણે આપ્યો હતો. તદુપરાંત હાઇકોર્ટના ચૂકાદાની અસર નાબૂદ કરવા જીએસટીઆર ૩બીના ફોર્મને પાછલી તારીખથી અમલમાં આવે તે રીતે કલમ ૩૯ હેઠળના રિટર્ન તરીકે ગણવાનો એવો સુધારો કરવામાં આવેલ છે તેની કાયદાકીય સમજ આપી હતી. જે કરદાતાઓ તા. ૧/૭/૨૦૧૭ના રોજના ઉઘડતા સ્ટોકની ક્રેડીટ અંગે ટ્રાન્સ ૧ અને ટ્રાન્સ ૨ નું ફોર્મ ટેકનીકલ કારણોથી ભરી ના શકયા હોય તો તેઓ તા. ૩૧/૧૨/૨૦૧૯ સુધીમાં આવા ફોર્મ રજૂ કરી સ્ટોકની ક્રેડીટનો દાવો રજૂ કરી શકે છે તે અંગે સમજણ આપી હતી.

વકતા ડો. શૈલેન્દ્ર સકસેનાએ જાન્યુઆરી ૨૦૨૦થી ટ્રાયલ બેઝ પર ઇ – ઇન્વોઇસિંગની માહિતી આપી હતી. સાથે જ તેમણે વિશ્વના અન્ય દેશોમાં આને આનુસાંગિક માહિતી પણ પુરી પાડી હતી. ઇ – ઇન્વોઇસિંગના આઇડેન્ટીફિકેશન નંબર તથા ઇ વે બીલનું કો–રિલેશન કેવી રીતે થશે તે અંગેની માહિતી પણ પુરી પાડી હતી.

સેમિનારમાં ચેમ્બરની જીએસટી કમિટીના એડવાઇઝર સીએ કિશોરચંદ્ર ઘીવાલાએ પ્રાસંગિક વિધી કરી હતી. બંને નિષ્ણાત વકતાઓએ પ્રોફેશનલ્સને જીએસટી કાયદા સંબંધિત વિવિધ પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે જીએસટી કમિટીના કો–ચેરમેન શ્રી જિગીશ મોદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયુ હતુ.